## વડીલોને વંદન
## અભિનંદન



કાન્તિભાઈ બી. પટેલ
(૧૯૪૩)ફોન: ૨૩૨૬૦૬૨૭



આજે સાંજે 'મહિલા સુરક્ષા' રેલી યોજાનાર છે. જેનાં ભાગ રૂપે ગત સાંજે મહિલા પોલીસ દ્વારા પરેડનું રીહર્સલ કરવામાં આવ્યું હતું.
(તસવીર : કશ્યપ નિમાવત)

# રાજ્યના ૨૦૯ તાલુકામાં વરસાદ : લખતરમાં સૌથી વધુ ૨૧૪ મી.મી. વરસાદ
## દિવસ દરમ્યાન રાજ્યના કેટલાક વિસ્તારમાં વરસાદ નોંધાયો

ગાંધીનગર, તા. ૩૧

રાજ્યના ૩૨ જિલ્લાના ૨૦૯ તાલુકાઓમાં છેલ્લા ૨૪ કલાકમા વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ સુરેન્દ્રનગર જિલ્લાના લખતરમાં ૨૧૪ મી.મી., એટલે કે નવ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

રાજપુર નિયંત્રણ કક્ષ પાસેથી આજે સવારે સાત વાગ્યે પુરા થતાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન થયેલા વરસાદના આંકડા મુજબ સુરેન્દ્રનગર જિલ્લાના લખતરમાં ૨૧૪ મી.મી., વલસાડ જિલ્લાના ધરમપુરમાં ૧૨૩ મી.મી., કપરાડામાં ૧૫૫ મી.મી., પારડીમાં ૧૩૫ મી.મી., વાપીમાં ૧૪૦ મી.મી., ડાંગમાં ૧૦૧ મી.મી., વઘઈમાં ૧૦૬ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે.

આ ઉપરાંત સુરત જિલ્લાના કામરેજમાં ૧૧૨ મી.મી., અમદાવાદ જિલ્લાના સાણંદમાં ૧૦૬ મી.મી., પાટણ જિલ્લાના પાટણમાં ૧૧૮ મી.મી., સરસ્વતીમાં ૧૧૨ મી.મી., મહેસાણા જિલ્લાના જોટાણામાં ૧૫૯ મી.મી., મહેસાણામાં ૧૫૧ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે.

રાજ્યમાં સરેરાશ વરસાદ સામે આ વર્ષે આ સમયગાળા દરમ્યાન ૪૩.૩૫ ટકા વરસાદ નોંધાયો છે.

આજે દિવસ દરમ્યાન ગીરસોમનાથ, નવસારી સહીતના રાજ્યના કેટલાક વિસ્તારોમાં આજે ધોધમાર વરસાદ શરૂ થવા પામ્યો છે. કચ્છના પણ કેટલાક તાલુકાઓમાં આજે દિવસ દરમ્યાન ધોધમાર વરસાદ શરૂ થવા પામ્યો છે.

ગાંધીનગર સહીત કેટલાક શહેરોમાં મેઘરાજાએ ખમૈયા કર્યા બાદ ઉકળાટ સાથે ગરમી પડતા નગરજનો ત્રાહીમામ પોકારી ગયા છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ઉત્તર ગુજરાતના પણ કેટલાક વિસ્તારોમાં આજે દિવસ દરમ્યાન છુટો છવાયો સામાન્ય વરસાદ નોંધાયાના અહેવાલો છે.

# અરવલ્લી જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ સોસાયટી હેઠળ મોડાસા હાઈસકુલમાં કાર્યક્રમ યોજાયો

મોડાસા તા.૩૧

આમ તો પોલીસ ખાતા ધ્વારા રોજે રોજ કોઈ ના કોઈ કમગીરી કરવામાં આવતી હોય છે ત્યારે જઈ અવનવા કર્યક્રમો યોજવાનુ ચાલુ કર્યુ છે. ત્યારે આજરોજ મોડાસા ખાતે આવેલી કે.એન.શાહ હાઈસ્કુલ ખાતે ૧૫ દિવસ ના સંગીત




(તસવીર : સમીર બલોચ, મોડાસા)

તાલીમ કાર્યક્રમ નુ આયોજન કરવામાં આવ્યુ છે હાલ સુરક્ષા સેતુ નો જીલ્લા લેવલ ના કાર્યક્રમ ના અયોજન ની જવાબદારી પી.એસ.આઈ વીરલ પટેલ ને સોપવામાં આવી છે. જયારે આજરોજ યોજાયેલ કાર્યક્રમ માં જિલ્લા નાયબ પોલીસ અધીક્ષક બલોલીયા ,મોડાસા પી.આઈ,જીલ્લા શિક્ષણાધીકારી અર્જુનસિંહ ઝાલા ટ્રસ્ટ ના પ્રમુખ બીપીનભાઈ આર.શાહ ઉપસ્થીત રહયા હતા આ કાર્યક્રમ ને સંપુર્ણ પણુ સફળ બનાવવા હાઈસ્કુલના પ્રીન્સીપાલ વનીતાબેન પટેલ અને એલાઉન્સર આર.સી.પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.

અરવલ્લી જીલ્લા ની પોલીસ ધ્વાર હાલ મોડાસા ની કે.એન.શાહ હાઈસ્કુલ ખાતે ૧૫ દિવસ ના સંગીત કલાસ ની તાલીમ નુ આયોજન કરવામાં આવ્યુ છે.

ગુજરાત રાજય ના ગૃહખાતા દ્વારા ગુજરાત પોલીસ ને સુરક્ષા સેતુ ના કાર્યક્રમો નુ આયોજન કરવાની જવાદરારી સોપેલ છે.જે હેતુ થી અરવલ્લી જીલ્લા પોલીસ જુદી જુદી શાળાઓ અને કોલેજો માં

આ કાર્યક્રમ અંગે બોલતા જીલ્લા નાયબ પોલીસ અધીક્ષક બલોલીયા એ જણાવ્યુ હતુ કે આ ૧૫ દીવસ ના સંગીત તાલીમ કાર્યક્રમ ના આયોજન થી વિદ્યાથીઓ નુ ટેલેન્ટ બહાર આવશે.અને ભવીષ્ય માં આવળ વધવા અને સમાજમાં આથીક રીતે સધ્ધરથવા અત્યારે લીધેલ તાલીમ ખુબ ઉપયોગી નીવડશે અને સુશુપ્ત શકતીઓ કેળવાશે

# અરવલ્લી જિલ્લાના ખેડૂતો આનંદમાં



(તસવીર : જય અમીન, મોડાસા)

અરવલ્લી જિલ્લાના મોડાસા તેમજ આજુબાજુના તાલુકાઓ તથા ગામડાઓમાં મેઘમહેર થતાં સરેરાશ ૨૦થી ૨૨ ઈંચ વરસાદ વરસતાં ખેડૂતોમાં આનંદ છવાયો છે. અરવલ્લી જિલ્લાના ગામડાઓમાં તો જાણે સવાર પડે ને કરફ્યુ જેવો માહોલ જોવા મળતો હોય તેમ ઘરના તમામ સભ્યો ખેતીકામમાં જોતરાઈ ગયા છે. કેટલાક ખેડૂતોએ સાહસ કરીને વહેલી વાવણી કરી દીધી હતી. તેઓ વરસાદ મોડો પડવાથી નિરાશામાં ઘરકાવ થઈ ગયા હતા. અને દેવાના ડુંગળ તળે તો નહિ ડુબી જઈએ ને એવી લાગણી અનુભવતા હતા. પરંતુ મેઘરાજાએ એમની પ્રાર્થના સાંભળી હોય તેમ સીઝનનો અડધાથી ઉપરનો વરસાદ વરસી ગયો હોવાથી દરેક ગામડાઓમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ છે. જ્યારે જે ખેડૂતોની જમીન પિયત ના હોવાના કારણે ફક્ત જમીન હોવા છતાં ચોમાસુ ખેતી ઉપર જ ગુજરાન ચલાવતા હોવાથી તેમની હાલત તો દયનીય બની ગઈ હતી. પરંતુ મોડે તો મોડે પણ મેહુલીયો મનમુકીને વરસવાનું ચાલુ કરતાં અને ખેતી લાયક વરસાદ થવાથી આવા ખેડૂતોમાં તો જાણે દિવાળી આવી હોય તેવો માહોલ તેમના ઘરોમાં જોવા મળતો હતો.

# એક હસીન શામ કો... મોહમ્મદ રફીના અનન્ય ચાહકની અનોખી દાસ્તાન
## ગાંધીનગરના 'આશિક-એ રફી' હારિત દવે મોહમ્મદ રફીના બહુ મોટા ચાહક : રફી સાહેબની અઢળક યાદો તેમના રૂમમાં સચવાયેલી છે : તેમના પત્નિ કહે છે 'રફી સાહેબ જ તેમની ધડકન ચલાવી રહ્યા છે'

ગાંધીનગર, તા. ૩૧

ફિર વોહ ભુલી સી યાદ આઈ હૈ... ભારતીય ફિલ્મ સંગીતના અમર ગાયક મોહમ્મદ રફીની પુણ્યતિથીએ તેમના ગાયેલા યાદગાર ગીતની કડીઓ ગુનગુનાવતા ગાંધીનગરના ૭૬ વર્ષીય 'આશિક-એ રફી' હારિત દવે ભાવવિભોર થઈને બોલી ઉઠ્યા કે રફીસાહેબ તો ઈશ્વરીય માણસ હતા. સચિવાલયમાં નાણાં, આરોગ્ય અને છેલ્લે શિક્ષણ વિભાગમાં ઉપસચિવ તરીકે ફરજ બજાવનાર હારિત દવેને માત્ર આઠ વર્ષની ઉંમરે રેડિયો સિલોન સાંભળતા સાંભળતા મોહમંદ રફી સાથે પ્રેમ થઈ ગયો અને આજે તેમના ઓળખીતા પાળખીતા તેમને 'આશિક-એ-મોહમ્મદ રફી' કહીને બોલાવે છે. રફી સાહેબના આ વરિષ્ઠ ચાહકને આ ઉંમરે પણ તેમના દરેક ગીતો તેના આરોહ-અવરોહ સાથે તેમજ તેના સંગીતકાર, ફિલ્મ અને ગીતકારના નામ સાથે કંઠસ્થ છે. ગાંધીનગર સમાચાર સાથેની ખાસ મુલાકાતમાં તેમણે ઘણી હૃદયસ્પર્શી વાતો કરી હતી.

**તસવીર અને અહેવાલ**
**કશ્યપ નીમાવત**



ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં સહજાનંદ પાર્કમાં ડી-૨૦૩ નંબરના ફ્લેટમાં રહેતા હારિત દવે પોતાના ઘરનો એક રૂમ તેમના પ્રિય ગાયકને અર્પણ કરી દીધો છે. આ રૂમમાં રફી સાહેબની અનેક તસવીરો, એક હજારથી વધુ લોંગ પ્લે અને ઈમ્પી રેકોર્ડસ તેમજ રફી સાહેબ વિશેના પુસ્તકો, અખબારો-મેગેઝીન્સમાં આવેલા ન્યુઝના કટીંગ્સ વગેરેનો અઢળક ખજાનો ભર્યોછે. આટલા સમૃદ્ધ ખજાનો પણ હારિતભાઈને ઓછો લાગે છે. અને તેઓ કહે છે કે 'આ દેશમાં રફી સાહેબની યાદોનો મારા કરતા પણ વિશાળ સંગ્રહ ધરાવતા અનેક ચાહકો છે.' એક ચાહક તરીકે હજુ પણ તેમની ઉત્કંઠા ઓછી નથી થઈ તેનો આ પુરાવો છે.

હારિતભાઈએ તેમની યાદોને વાગોળતા જણાવ્યું કે ૧૯૮૦માં જ્યારે મારા પ્રિય રફી સાહેબના અવસાનના સમાચાર આવ્યા ત્યારે હુ ખુબ ભાવુક થઈ ગયો અને મારી જાતને રોકી શક્યો નહી, એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર હું મુંબઈ પહોંચી ગયો હતો અને તેમને મારી ભાવાંજલી અર્પણ કરી હતી. એટલુ જ નહી મેં એક અઠવાડીયા સુધી મારૂ કોઈ સ્વજન ગુજરી ગયું હોય તેમ શોક પાળ્યો હતો. જેમાં મારી સાથે મારી પત્નિ અને પુત્રે પણ શોક પાળ્યો હતો. હું ત્યાર પછી દર વર્ષે તેમની પુણ્યતિથી ૩૧મી જુલાઈએ સંગીત બેઠક યોજીને તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરતો રહ્યો હતો, પરંતુ છેલ્લા પાંચ વર્ષથી મારી નાદુરસ્ત તબીયતના કારણે મારો આ સિલસીલો તુટી ગયો છે. આટલુ બોલતા તેમની આંખોમાં ઝળઝળીયા સ્પષ્ટ દેખાઈ આવ્યા હતા. હારિતભાઈએ નિવૃત્ત થયા પછી મોહમ્મદ રફીના સ્વચ્છ અને સુમધુર ગીતોને વધુ ને વધુ લોકો સુધી પહોંચે તે માટે મિશન હાથ ધર્યુ હતુ અને આ માટે તેમણે ગાંધીનગરમાં અનેક વખત રફી સાહેબના ગીતોનો કાર્યક્રમ આયોજિત કર્યો હતો. એટલું જ નહિ મિત્રોના સહકારથી તેમણે 'યુનિક મેલોડિઝ ગૃપ'ની સ્થાપના કરી નિયમિત રીતે રફી સાહેબ અને જુના ગીતોના ચાહકો માટે સંગીતમય કાર્યક્રમોનું આયોજન પણ કર્યુ હતું. આ કાર્યક્રમ દરમ્યાન તેમણે શ્રેષ્ઠ ઓરકેસ્ટ્રા હોય તેનું ખાસ ધ્યાન રાખતા પરંતુ તેઓ ડાન્સ કે મિમીક્રીના કોઈપણ મસાલા-ફિલર્સ ઉમેરવાથી દૂર રહ્યા હતા.

રફી સાહેબ પ્રત્યેનો હારિતભાઈનો પ્રેમ એટલો છે કે તેઓ મોહમ્મદ રફી વિશે પોતાના પુત્રના મોઢેથી પણ સ્હેજ પણ ઘસાતુ બોલાય તે સાંખી ન લે, એક વારતો પુત્રને આ બાબતે તેઓ બા-કાયદા પત્ર લખીને 'જો રફી સાહેબ વિશે આડુ અવળુ બોલીશ તો આપણો સંબંધ પૂરો સમજજે' જેવી ચિમકી પણ આપી ચુક્યા છે. રફી સાહેબ સાથે તેમના હૃદયના તાર જોડાયેલા છે. અને એટલે જ તેમને તેમનું ગાયેલુ એક એક ગીત મોઢે યાદ છે, અરે તેમના પત્નિ રક્ષાબેન દવે તો એટલે સુધી કહે છે કે 'રફી સાહેબ જ તેમના હૃદયના ધબકારા ચલાવે છે.' આ પતિ-પત્નિએ વર્ષો સુધી રફી સાહેબના ગીતો સાથે ગાયા છે. પરંતુ હવે ઢળતી જતી ઉંમરે તેમને ગાવાનું બંધ કરાવ્યું છે. હવે તો તેઓ માત્ર મોહમ્મદ રફીના ગીતો સાંભળીને જ સંતોષ માને છે. તેઓ કહે છે '૧૯૪૨ થી ૧૯૬૫'ના સમય ગાળાને મોહમ્મદ રફીએ હિન્દી ફિલ્મી સંગીતનો સુવર્ણકાળ બનાવ્યો હતો. અને તેઓ દરેક ગીતમાં એક નવી જીંદગી અને નવો સ્વર લઈને આવતા હતા. હવેના સમયમાં તેમના જેવો મહાન ગાયક મળવો શક્ય નથી, રફી જેવા તો સદીઓમાં ક્યારેક જ પાકે છે.'

આટલુ કહેતા પતિ-પત્નિ બંને રફી સાહેબનું ફિલ્મ ઠોકરનું સદાબહાર યાદગાર ગીત ગણગણવા લાગે છે 'દો સિતારો કા જમી પર હૈ મિલન આજ કી રાત...' ખરેખર મોહમ્મદ રફીની પુણ્યતિથીએ રફી સાહેબ સહિતે તમના આ અપ્રિતમ ચાહકને પણ સો સો સલામ.

## શબ્દાવલી - ૫૪૬૪

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ■ | ૪ | |
| | ■ | | ■ | ૫ | ૬ | | ■ |
| ૭ | ૮ | | ૯ | ■ | ૧૦ | | ■ |
| ૧૧ | | ■ | ૧૨ | ૧૩ | | ■ | ૧૪ |
| ■ | ૧૫ | ૧૬ | ■ | ૧૭ | | | |
| ૧૮ | ■ | ૧૯ | | | ■ | ■ | |
| ૨૦ | ૨૧ | | ■ | ૨૨ | | | |
| ૨૩ | | | ■ | | ■ | ■ | ■ |

### આડી ચાવી

૧. યંત્ર વિજ્ઞાન (૫)
૪. લોખંડ, લોઢું (૨)
૫. રીસામણા (૩)
૭. સીડી, દાદર (૪)
૧૦. કાણાવાળી જાળી (૨)
૧૧. પ્યાલો, કાચનો પ્યાલો (૨)
૧૨. ભારતીય જનતા પાર્ટી (૩)
૧૫. એક સંતાકૂકડીની રમતમાં જે પકડાઇ જાય તેને... કહી આઉટ કરાય (૨)
૧૭. ખતવવું તે (૪)
૧૯. રોઇશ નહીં, રડીશ નહીં (૩)
૨૦. પોતાની કુલ માલિકીનું, ખલાસ (૩)
૨૨. કર્તાહર્તા, શક્તિશાળી માણસ (૪)
૨૩. રોવું, આંસુ સારવા (૩)

### ઊભી ચાવી

૧. પ્રક્રિયા, કામગીરી (૪)
૨. ચાકર, દાસ (૩)
૩. એક મસાલો (૨)
૪. વીણેલા હોય તેવા (૩)
૬. મુંઝારો, અજંપો (૪)
૮. સોગન, સોગંધ (૩)
૯. 'ભાણી'નું ઊંધુ (૨)
૧૩. ઘણા ગુસ્સામાં કે રીસમાં 'ક્યાં જાઓ છો નો જવાબ આવો આપે' (૫)
૧૪. ખોરાક પાણી, ખાનપાન (૪)
૧૬. પોરસ ચડ્યો હોય તેવું, આનંદથી ઊભરાવું (૪)
૧૮. ગોદામ, જથ્થાબંધ વસ્તુઓ રાખવાની જગ્યા (૩)
૨૧. યુદ્ધકર, જગડ (૨)

### શબ્દાવલી ૫૪૬૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) સંભાવના (૫) વાજબી (૭) જોતરવું (૮) વડપણ (૧૦) આડોડાઇ (૧૨) કોપ (૧૩) ઓજસ (૧૫) હવન (૧૭) પસાયતો (૧૮) રાડારાડ (૨૦) મઇ (૨૧) કઠણ

**ઊભી ચાવી :-** (૧) સંજોગ (૨) ભાત (૩) વરઘોડો (૪) નાવુ (૫) વાવડ (૬) બીકણ (૮) વઇ (૯) પરાજય (૧૦) આપવડાઇ (૧૧) ડામ (૧૨) કોહરામ (૧૩) ઓસામણ (૧૪) સતોગુણી (૧૬) નરા (૧૯) ડક

# પંજાબ હુંડાઈ દ્વારા કસ્ટમર મીટનું આયોજન કરાયું
## ગ્રાહકોને પર્યાવરણ બચાવવા અંગે ઉપયોગી ટીપ્સ આપવામાં આવી

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના સેક્ટર-૨૮ ખાતે આવેલ પંજાબ હુન્ડાઈના શો રૂમ ખાતે તા. ૨૫મી જુલાઈએ 'કસ્ટમર મીટ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હુન્ડાઈ કાર વાપરતા ગ્રાહકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કસ્ટમર મીટની મુખ્ય થીમ 'સેવ એન્વાર્યમેન્ટ' હતી જેમાં ગ્રાહકોને પર્યાવરણને બચાવવા શું કરવું જોઈએ તેની માહિતી આપવામાં આવી હતી.

પંજાબ હુંડાઈ દ્વારા એક પ્રશંસાત્મક પગલાં રૂપે 'પર્યાવરણને બચાવો' થીમ આધારિત કસ્ટમર મીટમાં તેના ગ્રાહકોને 'એક છોડ વાવો અને પર્યાવરણને બચાવવામાં સહયોગ આપો' તેવી હૃદયસ્પર્શી અપીલ કરવામાં આવી હતી. આ કસ્ટમર મીટમાં ગ્રાહકોને વાહન કવી રીતે ચલાવવું જેથી પર્યાવરણને ઓછું નુકશાન થાય તે અંગે પણ ટીપ્સ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બાળકો દ્વારા ડાન્સ, ગેમઝોન અને ડીજેનો સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રજૂ કરાયો હતો. કાર્યક્રમના અંતે બાળકોને ઈનામો અપાયા હતા. ઉપસ્થિત ગ્રાહકોએ બાળકોને તાળીઓના ગડગડાટથી વધાવી લેવામાં આવ્યા હતા.



## ટી.પી. સ્કીમ મંજૂર

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સ્કીમ અનુક્રમે અમદાવાદની નં. ૮૩ (અસલાલી-૨) અને ૭૭ (હાથીજણ-૩) તેમજ વડોદરાની સ્કીમ નં. ૧ (ભાયલી) પણ મંજુર કરી છે.

આ ઉપરાંત જે ચાર ફાયનલ સ્કીમને મંજૂરી આપવામાં આવી છે તેમાં અમદાવાદમાં ટી.પી. સ્કીમ નં. ૨૭ (વેજલપુર), ૪૭ (સૈજપુર બોઘા) અને ૩ (વેજલપુર) (સેકન્ડ વેરીડ) તથા સુરતની નં. ૧૦ (પાલ)નો સમાવેશ થાય છે.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, ડ્રાફ્ટ ટી.પી. સ્કીમોને મંજુરી મળવાથી મહાનગરપાલિકા/સત્તામંડળના જે તે વિસ્તારમાં રસ્તાઓ, વોટર સપ્લાય અને ડ્રેનેજ જેવી આંતરમાળખાકીય સવલતો ઉપલબ્ધ કરાવવા માટેની કામગીરી પણ તેજ બનશે.

પ્રીલીમનરી ટી.પી. સ્કીમોને મંજુરી મળવાથી મહાનગરપાલિકા/સત્તામંડળને જુદા જુદા જાહેર હેતુ માટેના ફાયનલ પ્લોટ પ્રાપ્ત થશે જેનો વિકાસ થવાથી જાહેર જનતાની સુખાકારી વધશે.

ફાઈનલ ટી.પી. સ્કીમોને મંજુરી મળવાથી મહાનગરપાલિકા/ સત્તા મંડળ ઈન્ક્રીમેન્ટલ ક્રોન્ટ્રીબ્યુશનની કામગીરી પૂર્ણ કરી શકશે.

## મધરાતે ઘંટનાદ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

જન્મદિવસની ઉજવણી અન્વયે ૧લી ઓગષ્ટે મધરાતે ૧૧.૪૫ વાગ્યાથી નાગરિકો પોતાના ઘર નજીક જાહેર સ્થાનોએ એકત્ર થઈ ઘંટનાદ કરશે. ઘંટનાદ અને વાસણોના નાદથી આ લોકોત્સવનો શુભારંભ થશે. આ દરમિયાન સેકટરોના રીગરોડ પર બાઈક તેમજ સ્કુટર રેલી પણ યોજવામાં આવશે. જયારે આ ઉજવણીમાં સામેલ શહેરીજનો ઘ-૪ ખાતે એકત્રિત થઈ ગાંધીનગરના ૫૦ માં વર્ષની મંગલ શરૂઆતને આતશબાજી કરી વધાવશે. ૨જી ઓગષ્ટ સ્થાપના દિવસની -ભાતે નાગરિકો પોતાના ઘરના આંગણામાં એક વૃક્ષ વાવીને તેને સુવર્ણ જયંતી સ્મૃતિ વૃક્ષ તરીકે ઉછેરશે. જેના પરિણામે સમગ્ર શહેરમાં સુવર્ણ જયંતી સ્મૃતિ વનનું નિર્માણ કરવાનો હેતુ સાર્થક થશે. જન્મ દિવસ નિમિત્તે નાગરિકો પોતાના ઘરે લાપસી કે મિષ્ટાન રાંધીને પોતાની ખુશી અભિવ્યક્ત કરે તેવી પણ અપીલ કરવામાં આવી છે. આ ઉપરાંત નાગરિકો તેમના ઘરે રાત્રીના દીવડાઓ અને તોરણની રોશની કરી દિવાળીની જેમ ઉજાશ પાથરે તેવી પણ લાગણી વ્યક્ત કરવામાં આવી છે. નગરના જન્મદિવસ નિમિત્તે આવનારી પેઢી પણ ભાવનાત્મક જોડાણ અનુભવે તેવા આશયથી નગરની તમામ સરકારી -ાથમિક શાળાઓના બાળકોને ચોકલેટનું વિતરણ કરવામાં આવશે. આ કામગીરીમાં નગરના આગેવાનો અને સ્વૈચ્છિક સંસ્થાઓ પણ જોડાશે.

## કંપની સમાચાર
### હોન્ડા કોર્સ ઈન્ડિયાએ ગુજરાતમાં મીડ-સાઈઝ સ્ટાઈલીશ ૭ સીટર એમપીવી હોન્ડા મોબિલિઓ લોન્ચ કરી

દેશમાં પ્રીમિયમ કોર્સની અગ્રણી ઉત્પાદક હોન્ડા કાર્સ ઈન્ડિયા લિ. (એચસીઆઈએલ) એ આજે ગુજરાત બજાર માટે તેની મીડ સાઈઝ સ્ટાઈલીશ ૭ સીર હોન્ડા મોબિલિઓના લોન્ચિંગ સાથે એમપીવી સેગ્મેન્ટમાં તેના પ્રવેશની જાહેરાત કરી હતી. આ કાર ભારતીય પરિવારોની જરૂરિયાતને અનુરૂપ સ્પેસ, કમ્ફર્ટ અને યુટિલિટી સાથે સ્પોર્ટી એક્સટિરિયર સ્ટાઈલિંગના અજોડ સંયોજન દ્વારા એમપીવી સેગ્મેન્ટમાં ક્રાંતિ લાવી છે. તેની ઈચ્છનીય મૂલ્યો સાથે મોબિલિઓએ એમપીવી સેગ્મેન્ટને વિસ્તાર્યુ છે અને અનેક વાહનોના સેગ્મેન્ટસના ગ્રાહકોને આકર્ષશે.

ભારતમાં લોકોની ડ્રાઈવિંગ જરૂરિયાત અને લાઈફ સ્ટાઈલ્સ પર બજારમાં વ્યાપક સર્વેના પગલે થાઈલેન્ડના બેંગકોકમાં સ્થિત હોન્ડા આરએન્ડડી એશિયા પેસિફિક કં.લિ.માં હોન્ડા મોબિલિઓ વિકસાવવામાં આવી છે. મોબિલિઓ ૧.૫ લી.આઈડીટીઈસી ડિઝલ અને ૧.૫ લી. આઈ-વીટીઈસી પેટ્રોલ એન્જિન દ્વારા અસાધારણ પરફોર્મન્સ આપે છે.

સ્પેશિયસ એમપીવીની આરામદાયક સુવિધા સાથે વિશિષ્ટ સ્ટાઈલિંગ ઈચ્છતા યુવાન ગ્રાહકોને આકર્ષવા મોબિલિઓ એકસકલુઝિવ સ્પોર્ટી આરએસ વેરિએન્ટમાં પણ ઉપલબ્ધ બનશે, જે બેઝ ગ્રેડ કરતાં વધુ બોલ્ડર અને સ્પોર્ટીઅર એકસટીરીયર ડિઝાઈનથી સજ્જ છે. મોબિલિઓ આરએસની ડિલિવરી સપ્ટેમ્બર ૨૦૧૪થી શરૂ થશે.

## દક્ષિણ ગુજરાતમાં આગામી ૪૮ કલાકમાં ભારે વરસાદની આગાહી

રાજયના દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં આગામી ૪૮ કલાક દરમિયાન ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયના હવામાનમાં પલટો આવવા પામ્યો છે અને મોટા ભાગના વિસ્તારોમાં ભારે વરસાદ થવા પામ્યો છે. જો કે આગામી દિવસ દરમિયાન ઉત્તર ગુજરાતમાં વરસાદનું જોર ઘટશે એવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

જયારે દક્ષિણ ગુજરાતમાં આગામી ૪૮ કલાક દરમિયાન ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

**Nursery Teacher**
A play school require a Nursery Teacher, Fair-Fluent in English - Kind - Good command over kids.
-: Contact :-
97126 51499
98253 71819

**ગુજરાત ઈકોલોજી કમિશન, ગાંધીનગર**
ગુજરાત ઈકોલોજી કમિશન, ગાંધીનગરની કચેરીમાં એ.સી. મશીનના એએમસી (પાર્ટસ સહિત) માટેના ભાવો, નિયત ટેન્ડર ફોર્મમાં સીલબંધ કવરમાં મંગાવવામાં આવે છે. ટેન્ડર ફોર્મ રૂ. ૨૦૦/- રોકડા ભર્યેથી તા. ૮/૮/૨૦૧૪ સુધી કચેરી સમય દરમિયાન મળી શકશે. સીલબંધ ભાવો તા. ૧૧/૮/૨૦૧૪ના રોજ બપોરે ૧૨-૦૦ વાગ્યા સુધી નીચે જણાવેલ સરનામે કચેરીને મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે.
નિયામક, ગુજરાત ગુજરાત ઈકોલોજી કમિશન,
બ્લોક નં. ૧૮/૧, ઉદ્યોગ ભવન, ગાંધીનગર-૧૧,
ફોન : ૦૭૯-૨૩૨૫૭૬૫૬
માહિતી/૮૬૧/૧૪-૧૫